પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫૩ | ૨૪ નવેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


**તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી

લઘુતમ : ૧૩.૦ ડીગ્રી

ભેજ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૯ ટકા


ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો

14


# દેશભરમાં ૨૮મીએ વિપક્ષો આક્રોશ દિન મનાવશે

## કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષો એકમત થયા છે : નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સરકાર ઉપર વધુ આક્રમક રીતે પ્રહાર કરવાની રણનીતિ : કોંગ્રેસ, ડાબેરીઓ અને અન્ય વિરોધ પક્ષો જોડાયા



નવી દિલ્હી, તા.૨૩

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ છેલ્લા ૧૫ દિવસથી સામાન્ય લોકોને ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં વિરોધ પક્ષો એકત્રિત થઈને ભારત બંધની અથવા તો ૨૮મી નવેમ્બરના દિવસે આક્રોશ દિવસ મનાવવાની જાહેરાત કરી છે. લોકો દ્વારા સામનો કરવામાં આવી રહેલી સમસ્યાને એ દિવસે રજુ કરવામાં આવશે. કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષોએ આક્રોશ દિવસ મનાવવાનો નિર્ણય લીધો છે. સીપીએમએ કહ્યું છે કે ૨૮મી નવેમ્બરના દિવસે આક્રોશ દિવસ મનાવાશે. તેલંગાણામાં રેવન્યુને વર્તમાન નાણાકી વર્ષ દરમ્યાન મોટો ફટકો પડ્યો છે. એકપછી એક દેખાવો કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યા છે. સંસદના બંને ગૃહોની કામગીરી ખોરવાઈ ગઈ છે. મોદી સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ સતત થઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે ધાંધલ ધમાલ અને હોબાળાની સ્થિતિ વચ્ચે કોંગ્રેસી સાંસદો આક્રમક દેખાયા હતા. સંસદમાં એકમત થઈને સરકાર ઉપર દબાણ લાવવાની રણનીતિ અપનાવવામાં આવી હતી. જેના ભાગરૂપે કોંગ્રેસે આજે દેશના જુદા જુદા ભાગોમાં બેંકોની બહાર જોરદાર દેખાવો કર્યા હતા. બીજી બાજુ આજે દેખાવ કરવામાં આવ્યા બાદ આગામી દિવસોમાં પણ આ મુદ્દે વિરોધ પ્રદર્શન અને ધરણા

● અનુસંધાન પાન-૭ પર

## રોલ બેકની કોઈ સંભાવના નથી - વેંકૈયા નાયડુ

નવી દિલ્હી,તા.૨૩

નોટબંધીના નિર્ણયને પરત ખેંચી લેવાની માંગ ઉપર મક્કમ રહેલા કેન્દ્રિય મંત્રી વેંકૈયા નાયડુએ આજે વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે કોઈપણ નિર્ણય લેવાની બાબત વડાપ્રધાનના લોહીમાં નથી. નિર્ણય લેવામાં આવ્યા બાદ કોઈ નિર્ણય પાછા ખેંચવામાં આવશે નહીં. સંસદમાં હોબાળો મચાવી રહેલા વિરોધ પક્ષોની ઝાટકણી કાઢતા નાયડુએ કહ્યું હતું કે નોટબંધી ઉપર પ્રતિબંધ મુકાયા બાદ સમગ્ર દેશના લોકો મોદીની સાથે દેખાઈ રહ્યા છે.

## અંકુશરેખા પર જવાબી હુમલો પાકના ત્રણ સૈનિકો ઠાર

### જવાનને મૃતદેહને વિકૃત કરાયા બાદ કાર્યવાહી પાકિસ્તાનના પક્ષને ભારતની કાર્યવાહીમાં ભારે નુકસાન



નવી દિલ્હી,તા.૨૩

જમ્મુ-કાશ્મીરમાં અંકુશરેખા પર ભારતીય સેનાની જોરદાર કાર્યવાહીમાં પાકિસ્તાનના ત્રણ જવાનો માર્યા ગયા છે. પાકિસ્તાની સેનામાં મીડિયા વિન્ડ ઈન્ટરન સર્વિસ પબ્લિક રિલેશનના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય ગોળીબારમાં પાકિસ્તાનના ત્રણ જવાનો માર્યા ગયા છે. એક શહીદના મૃતદેહને વિકૃત કરવાના અહેવાલ પણ મળ્યા છે. ભારતીય સેનાએ જોરદાર જવાબી કાર્યવાહી કરી છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ભારત તરફથી કરવામાં આવેલી કાર્યવાહીનો જવાબ પાકિસ્તાની સેનાએ પણ આપ્યો હતો. જેમાં પાકિસ્તાનના ત્રણ જવાનો માર્યા ગયા છે. માર્યા ગયેલા પાકિસ્તાની જવાનોની ઓળખ કરી લેવામાં આવી છે. જેમાં કેપ્ટન તૈમૂર અલીખાન, હવલદાર મુસ્તાક હુસૈન, નાન્સલાયક ગુલામ હુસૈનનો સમાવેશ થાય છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલી કાર્યવાહીમાં ભારતને પણ નુકસાન થયું છે. જોકે આ અહેવાલને હજુ સુધી સમર્થન મળ્યું નથી. ભારતીય સેનાએ ગઈકાલે કેલ, પુંછ, રાજૌરી અને માછિલ સેકટરમાં પાકિસ્તાનની સામે જવાબી કાર્યવાહી કરી હતી. અનેક મોર્ટાર ઝીંક્યા હતા.

# બેંકો-એટીએમ પર ૧૫મા દિવસે પણ અંધાધૂંધી

## રોકડ કટોકટીના પરિણામ સ્વરૂપે આગામી દિવસો પડકારરૂપ : બેંકો માટે આગામી દિવસો વધારે મુશ્કેલીભર્યા રહી શકે છે કારણ કે વર્કરોને પગારની ચૂકવણી કરવા માટે દિવસો નજીક આવી રહ્યા છે



અમદાવાદ, તા.૨૩

આઠમી નવેંબરની મધરાત્રીથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની ચલણીનોટ બેન કરવાના નિર્ણયના આજે ૧૫મા દિવસે પણ અમદાવાદ શહેરમાં મોટાભાગના એટીએમ કરન્સીના અભાવને કારણે બંધ હાલતમાં જોવા મળ્યા છે. બીજી બાજુ બેંકો પર યથાવત રીતે જ મોટી લાંબી લાઈનો લાગી હતી. જાણકાર લોકોના કહેવા મુજબ રોકડ કટોકટીના પરિણામ સ્વરૂપે આગામી દિવસોમાં બેંકો માટે વધુ પડકારરૂપ સ્થિતિ સર્જાઈ શકે છે. રોકડ ઉપાડ માટે લાંબી લાઈનો ફરી એકવાર જોવા મળી શકે છે. પહેલી ડિસેમ્બરથી શરૂ થઈને આગામી કેટલાક દિવસ સુધી મોટી સંખ્યામાં વર્કફોર્સને પગારની ચૂકવણી કરવામાં આવે છે. જેથી બેંકો પર લાંબી લાઈનો જોવા મળી શકે છે. બીજી બાજુ જૂની નોટ જમા કરવા રાહ જોઈ રહેલા લોકોને ફરી લાંબી લાઈનોમાં ઉભા

● અનુસંધાન પાન-૭ પર


# સહકારી બેંકો મારફતે ખેડૂતોને ફંડ અપાશે

## જિલ્લા સહકારી બેંકોને ૨૧,૦૦૦ કરોડ રૂપિયા અપાશે : નાબાર્ડ મારફતે ખેડૂતોને ફન્ડીંગની વ્યવસ્થા ૨૧મી ડિસેમ્બર સુધી ફોનથી પેમેન્ટ પર કોઈ ચાર્જ નહીં લાગે : ઈવોલેટ મારફતે ખર્ચ મર્યાદા બે ગણી

નવી દિલ્હી, તા.૨૩

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સામાન્ય લોકો, ખેડૂતો, ગરીબ વર્ગ અને અન્ય લોકોને રાહત આપવાના હેતુસર વારંવાર પગલાંઓની જાહેરાત કરવામાં આવી રહી છે. આ દિશામાં આજે વધુ કેટલીક નવી રાહતો જાહેર કરવામાં આવી હતી. જેના ભાગરૂપે સામાન્ય લોકોની તકલીફ ઓછી થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકારે આજે રવિપાકની ખેતીમાં ઉભી થયેલી સ્થિતિને ધ્યાનમાં લઈને અનેક

● અનુસંધાન પાન-૭ પર





VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225






ગાંધીનગર માટે
LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬